જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૦/૨૦૨૧ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૩૫/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૭૭ | ૪ | ૧૧૬૮૧ | ૧૭૭૮૮ | ૪ | ૧૭૭૯૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૧૬ | ૦ | ૧૧૬ | ૩૯૩ | ૦ | ૩૯૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૨૨૪૦ | ૪૬ | ૭૨૨૮૬ | ૭૩૨૬૩ | ૪૬ | ૭૩૩૦૯ |
| કુલ | | ૮૮૭૬૬ | ૫૦ | ૮૮૮૧૬ | ૯૭૭૨૬ | ૫૦ | ૯૭૭૭૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯ | ૪,૯૯,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૫૩ | ૫,૫૩,૦૦૦/- |

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ હાલમાં ચાલી રહેલ નવરાત્રીના પવિત્ર તહેવારને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના તથા બીજા સ્ટાફના માણસો તા.૦૭/૧૦/૨૦૨૧ ના ક.૧૭/૦૦ વાગ્યાથી પો.સ્ટે વિસ્તારમાં સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૭/૩૦ વાગે સૈજપુર ટાવર પાસે ખાતે આવતા સાથેના અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " સૈજપુર બોઘા મ્યુનીસપલ ગુજરાતી શાળા નં-૩ ની સામે આવેલ મહાદેવ બિલ્ડીંગ માં આવેલ મ.નં-૫૦૩/૩૧૬ ની ઉપર આવેલ મકાન ના કબ્જેદાર ભાવેશસિંહ મહિપતસિંહ રાઠોડ નાઓ મકાન ની અંદર કેટલાક ઇસમોને ભેગા કરી જુગાર રમી રમાડે છે અને હાલમાં સદરી જગ્યાએ જુગાર નો અખાડો ચાલુ છે " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા સૈજપુર બોઘા મ્યુનીસપલ ગુજરાતી શાળા નં-૩ ની સામે આવેલ મહાદેવ બિલ્ડીંગ ખાતે આવી સીડી વાટે ધીરે-ધીરે ઉપર આવેલ અને બાતમી વાળા મ.નં-૫૦૩/૩૧૬ ખાતે ના રહેણાંક મકાન માં રેઇડ કરી જુગાર રમતા આંઠ (આરોપીઓ)ને જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૧,૪૧૦/-તથા દાવના નાંણા રૂ.૮૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાણા ૧૩,૨૧૦/-તથા પાના નંગ ૫૨-કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૭ કિ.રૂ-૧૬,૫૦૦/-સાથે મળી કુલ્લે રૂ,૨૯,૭૧૦/-ના મુદ્દામાલ સાથે તા.૦૭/૧૦/૨૦૨૧ ના ક.૧૯/૩૦ વાગે જુગાર ધારા કલમ-૪,૫ મુજબ પકડી પાડી જુગાર નો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૦૮/૧૦/૨૦૨૧

## આરોપીઓના નામ :-

ભાવેશસિંહ સ/ઓ મહિપતસિંહ જાતે રાઠોડ ઉ.વ.૩૧ ધંધો-મજુરી રહે-મ.નં-૫૦૩/ ૩૧૬,મહાદેવ બિલ્ડીંગ મ્યુનીસપલ ગુજરાતી શાળા નં-૩ સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર+૭=૮

## મુદ્દામાલ:-

જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૧,૪૧૦/-તથા દાવના નાંણા રૂ.૮૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાણા ૧૩,૨૧૦/-તથા પાના નંગ ૫૨-કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૭ કિ.રૂ-૧૬,૫૦૦/-સાથે મળી કુલ્લે રૂ,૨૯,૭૧૦/-ના મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ અ.હેડ.કોન્સ દિનેશકુમાર જીવાજી બ.નં-૮૧૮૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા અ.પો.કોન્સ સતીષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮



# <u>પાસા અટકાયતની વિગત</u>

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)શહેરકોટડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૧૦૫૦૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૦૨,૩૨૩,૨૦૧,૧૧૪ જી.પી.એકટ ૧૩૫(૧) તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૩૫૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૫૪૦/ ૨૦૨૧ તા.૦૮/૧૦/૨૦૨૧ ના હુકમ આધારે તા.૦૮/૧૦/૨૦૨૧ ના કલાકઃ૨૧/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનું નામ:-

રાકેશ ઉર્ફે વિશાલ ઉર્ફે મીનાવારો સ/ઓ લક્ષ્મણભાઇ ઉર્ફે લખાભાઇ બુચાભાઇ પટણી (મેતરીયા) રહે.કડીયાની ચાલી ટેકરા ઉપર સંતોષી માતાના મંદિર પાસે અસારવા અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪૯ કેસ કરી, ૨૪૯ વ્યક્તિઓને ઝડપી, ૮૩૧ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૮/૨૦૨૧**

**વસ્ત્રાપુરઃ** યૌમિન રોહિતભાઇ ઠાકોર (રહે. રાજપથ રો-હાઉસ અમદાવાદ ઇન્ટર નેશનલ સ્કૂલ સામે બોડકદેવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી તા.૦૮/૧૦/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી એમ.આઈ.કંપનીનુ એલ.ઈ.ડી.ટીવી કિમત રૂપિયા, સોની કંપનીનુ સ્પીકર, ફિલિપ્સ કંપનીનુ એલ.ઈ.ડી.ટીવી, સોનાની પાંચ ગ્રામની લગડી, સોનાનો ડાયમંડ જડીત સેટ, પેડલ સાથે સોનાની ચેઈન, હીરા જડીત બ્રેસલેટ, ચાંદીની બંગડી નંગ-૩ અને ચાંદીના સિક્કા મળી કુલ રૂપિયા ૧,૮૬,૦૦૦/- મતીની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૯/૨૦૨૧**

**કાગડાપીઠઃ** રાજનબહેન ડો/ઓ મહેન્દ્રભાઇ સિંધિયા (ઉ.વ.૩૧) (રહે. વણકરવાસ ગામ-સરગાસણ તા-જી-ગાંધીનગર) એ તા.૦૩/૧૦/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે ગીતા મંદિર એસ.ટી.બસ સ્ટેન્ડના આઉટ ગેટથી બહાર ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાજંબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાજનબહેન સિંધિયાએ તા.૦૮/૧૦/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૦/૨૦૨૧**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મહાવિરપ્રસાદ મુલારામ પ્રજાપતિ (ઉ.વ.૫૯) (રહે.ગણેશભુમિ સોસાયટી ગેબનશાપીર બસ સ્ટેન્ડ ઈસનપુર રોડ વટવા) તા.૦૮/૧૦/૨૦૨૧ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે જવાહર ચોક ચાર રસ્તા નજીકથી પોતાનુ સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે ૧૮ ઝેડ ૧૯૭૯ ના ચાલક મહેન્દ્રભાઈ ભીમજીભાઈએ બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા મહાવિરપ્રસાદ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧૨/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મહાવિરપ્રસાદ પ્રજાપતિના પુત્ર રામવિલાસ પ્રજાપતિએ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૧/૨૦૨૧**

**સરખેજઃ** સાગર ભાસ્કરભાઈ ઘોલપ (ઉ.વ.૨૦) (રહે. પાર્વતીનંદન ઉજાલા સર્કલની બાજુમાં સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૧ રાતના ૮/30 વાગ્યા પહેલા પોતાના ઘરે રૂમના દરવાજા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

**વટવાઃ** ફિરદોશબાનુ ડો/ઓ અબ્દુલફારૂક મંસુરી (ઉ.વ.૨૦)(રહે.અમીનુરનગર વિભાગ-૨ ગોલ્ડન સિનેમા પાસે વટવા ગામ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૦/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી.પી.એમ.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.